**ગીર અભયારણ્ય, ગીર રાષ્ટ્રીય ઉદ્યાન, પાણીયા અભયારણ્ય અને મિતિયાળા અભયારણ્ય ફરતે આવેલા વિસ્તારોમાં ખાન-પાનના હેતુસર હોટલ, રીસોર્ટ, અન્ય પ્રકારના આતિથ્ય, હોમ-સ્ટે, ઔદ્યોગિક એકમો અને વાણિજ્યિક હેતુસરના બાંધકામો, ફાર્મ હાઉસ વગેરે પ્રવૃત્તિઓની મંજુરી આપવા બાબત.**

**ગુજરાત સરકાર**
**વન અને પર્યાવરણ વિભાગ**
**ઠરાવ ક્રમાંક:- વપસ/૧૦૨૦૦૮/૧૮૨૭/ડબલ્યુ**
**સચિવાલય, ગાંધીનગર**
**તા.૨૦/૦૨/૨૦૨૫**

**વંચાણે લીધા:-**

(૧) વન અને પર્યાવરણ વિભાગ, ગાંધીનગરના તા.૦૬/૦૫/૨૦૧૫નો સમાનાંકી ઠરાવ.
(૨) વન અને પર્યાવરણ વિભાગ, ગાંધીનગરના તા.૦૧/૦૭/૨૦૧૫નો સમાનાંકી ઠરાવ.
(૩) નામ.ગુજરાત હાઈકોર્ટનો રિટ પિટિશન (પીઆઈ.એલ.) નં-૨૮૪/૨૦૧૪માં તા.૦૨/૦૭/૨૦૧૫ તથા તા.૦૪/૦૫/૨૦૧૬નો હુકમ.
(૪) વન અને પર્યાવરણ વિભાગ, ગાંધીનગરના તા.૨૩/૦૫/૨૦૧૬નો સમાનાંકી ઠરાવ.
(૫) વન અને પર્યાવરણ વિભાગ, ગાંધીનગરના તા.૧૩/૦૬/૨૦૧૬નો સમાનાંકી ઠરાવ.
(૬) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને હેડ ઓફ ધ ફૉરેસ્ટ ફોર્સના પત્રાંક:-વપસ/૩૨/અ/૭૮૮/૨૦૨૪-૨૫, તા.૧૬/૦૧/૨૦૨૫

## <u>સુધારા ઠરાવ</u>

વન અને પર્યાવરણ વિભાગના વંચાણે લીધા -(૨)ના તા.૦૧/૦૭/૨૦૧૫ના ઠરાવથી ગીર અભયારણ્ય, ગીર રાષ્ટ્રીય ઉદ્યાન, પાણીયા અભયારણ્ય અને મિતિયાળા અભયારણ્ય ફરતે આવેલા વિસ્તારોમાં ખાન-પાનના હેતુસર હોટલ, રીસોર્ટ, અન્ય પ્રકારના આતિથ્ય, હોમ-સ્ટે, ઔદ્યોગિક એકમો અને વાણિજ્યિક હેતુસરના બાંધકામો, ફાર્મ હાઉસ વગેરે પ્રવૃત્તિઓની મંજુરી આપવા બાબતે નીતિ ઘડવામાં આવેલ છે. જેમાં વંચાણે લીધા-(૪) અને (૫) ના અનુક્રમે તા.૨૩/૦૫/૨૦૧૬ તથા તા.૧૩/૦૬/૨૦૧૬ના ઠરાવથી તેમાં સુધારો બહાર પાડવામાં આવેલ. પ્રસ્તુત નીતિની સમીક્ષા અંગે વંચાણે લીધા-(૧) તા.૦૬/૦૫/૨૦૧૫ના ઠરાવથી રચવામાં આવેલ આંતર વિભાગીય સમિતિ દ્વારા આ બાબતે વિસ્તૃત સમીક્ષા કરી તા.૧૫/૦૧/૨૦૨૫ના રોજ કરવામાં આવેલ ભલામણને આધારે અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી(HoFF) દ્વારા વંચાણે લીધા-(૬)ના તા.૧૬/૦૧/૨૦૨૫ના પત્રથી વંચાણે લીધા-(૨)ના ઠરાવની જોગવાઈના નિયમન બાબતે સુધારા બહાર પાડવા દરખાસ્ત કરવામાં આવેલ.

આથી પુખ્ત વિચારણાના અંતે વંચાણે લીધા-(૨)ના તા.૦૧/૦૭/૨૦૧૫ના ઠરાવમાં નીચે મુજબનો સુધારો બહાર પાડવામાં આવે છે.

| તા.૦૧/૦૭/૨૦૧૫ના ઠરાવ ફકરા ક્રમાંક નં. | વિગત/સુધારા |
|---|---|
| ૬,૭,૧૧,૧૩ | ચીફ વાઈલ્ડલાઈફ વોર્ડન અથવા તેઓ દ્વારા અધિકૃત અધિકારી/ વન વિભાગના સક્ષમ સત્તાધિકારીશ્રીના "ના-વાંધા પ્રમાણપત્ર"ના સ્થાને પેરા-૮માં જે તે જિલ્લાના કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને ગઠિત નીચે મુજબની સમિતિ ઠરાવમાં જણાવેલ પ્રવૃત્તિઓનું નિયમન કરશે.<br>(૧) કલેક્ટરશ્રી, - અધ્યક્ષ<br>(૨) સંબંધિત નાયબ વન સંરક્ષકશ્રી- સભ્ય સચિવ<br>(૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, - સભ્ય<br>(૪) જિલ્લા પોલીસ વડાશ્રી, - સભ્ય |

વંચાણે લીધેલ -(૨)ના તા.૦૧/૦૭/૨૦૧૫ના ઠરાવ તથા વંચાણે લીધેલ -(૪) અને (૫) ના અનુક્રમે તા.૨૩/૦૫/૨૦૧૬ તથા તા.૧૩/૦૬/૨૦૧૬ના સુધારા ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આસવ ગઢવી)
નાયબ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ

- માન. મુખ્ય મંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (વન, પ્રવાસન)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (નાણાં)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજયકક્ષાના મંત્રીશ્રી (વન) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજયકક્ષાના મંત્રીશ્રી (ગૃહ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજયકક્ષાના મંત્રીશ્રી (પંચાયત)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પ્રવાસન), ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી(HoFF), ગુજરાત રાજય, ગાંધીનગર.
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (વન્ય પ્રાણી), ગુજરાત રાજય, ગાંધીનગર.
- વન સંરક્ષકશ્રી, વન્યપ્રાણી વર્તુળ, જુનાગઢ.
- કલેક્ટરશ્રી- જુનાગઢ/અમરેલી/ગીર સોમનાથ,
- પોલીસ અધિક્ષક - જુનાગઢ/અમરેલી/ગીર સોમનાથ
- જિલ્લા વિકાસ અધિકારી- જુનાગઢ/અમરેલી/ગીર સોમનાથ
- નાયબ વન સંરક્ષકશ્રી- સાસણ/ગીર પશ્ચિમ /ગીર પૂર્વ વન વિભાગ.
- સંબંધિત અધિકારીશ્રીઓ (PCCF મારફતે)
- સરકારી વકીલશ્રી, નામદાર ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૫